# વડોદરાના મિકેનિકલ ઈજનેરે નાળિયેરના કચરાને બનાવ્યું ટકાઉ વિકાસનું સંસાધન





વડોદરાના મિકેનિકલ એન્જિનિયર વિશાલ કાંતિલાલ પટેલે ઈનોવેશન અને ટકાઉ વિકાસનું ઉત્તમ ઉદાહરણ સ્થાપિત કર્યું છે. સામાન્ય રીતે કૃષિ કચરા તરીકે ફેંકી દેવાતા સૂકા અને ભીના નાળિયેરના કચરાને તેઓ વિવિધ પર્યાવરણમૈત્રી ઉત્પાદનોમાં રૂપાંતરિત કરી રહ્યા છે. નાળિયેરના ફાઈબરની દોરી, કોકોપીટ પાવડર, 2-પ્લાય યાર્ન (કાથા દોરી), પોટિંગ મિક્સ, હેંગિંગ બાસ્કેટ, શણગારક તથા ઉપયોગી ગાર્ડનિંગ પોટ્સ, પર્યાવરણ અનુકૂળ ફર્નિચર અને વિવિધ હસ્તકલા ઉત્પાદનો આજે સમગ્ર ભારતમાં વેચાઈ રહ્યા છે. શિક્ષણથી ઉદ્યોગસાહસ સુધીની સફર ૩૩ વર્ષીય વિશાલ પટેલે વર્ષ ૨૦૧૪માં વડોદરાની ખાનગી યુનિવર્સિટીમાંથી મિકેનિકલ એન્જિનિયરિંગમાં બી.ઈ. પૂર્ણ કર્યું હતું. નવ મહિનાની ઈન્ટર્નશિપ બાદ તેમણે ૨૦૧૬માં પોતાના ઉદ્યોગની વિધિવત શરૂઆત કરી. છેલ્લા નવ વર્ષમાં તેમણે સતત નવીનતા અને ગુણવત્તા દ્વારા પોતાના વ્યવસાયને નવી ઊંચાઈએ પહોંચાડ્યો છે. શરૂઆતમાં પાંચ સભ્યોની ટીમ સાથે કંપની સ્થાપી હતી. મંદિરોમાં મોટા પ્રમાણમાં નિકળતા નાળિયેરના કચરાને જોઈને તેમાં કંઈક ઉપયોગી કરવાની વિચારણા કરી. ત્યારબાદ તેમણે મશીનો પોતે ડિઝાઈન કરી મંદિરો, રસ્તાના વેપારીઓ અને ફૂડ કંપનીઓમાંથી નાળિયેરનો કચરો એકત્ર કરવાનું શરૂ કર્યું. આ કચરાથી કાથી ફાઈબર, કોકોપીટ, કાથીના વાસણ, સીડિંગ અને ગિફ્ટિંગ માટે ઉપયોગી કોઈન, ઓઈલ સ્પિલ રોકવા માટેના પ્રોડક્ટ્સ તેમજ ઘર સજાવટની અનેક વસ્તુઓ તૈયાર કરવામાં આવે છે.



**વિશાલ પટેલની નવીન પહેલ**
**મંદિરોથી રસ્તાના વેપારીઓ સુધીથી કચરો એકત્ર કરી 'કચરાથી કંચન' તરફનું પ્રેરણાદાયી પગલું સફળ સાબિત થઇ રહ્યુ છે**




### શૂન્ય વેસ્ટેજની દિશામાં જવાબદાર પ્રયાસ

નાળિયેરના પાવડરના બાકી રહેલા અવશેષનો પણ સંપૂર્ણ ઉપયોગ કરવામાં આવે છે. આ પાવડર ટિશ્યૂ કલ્ચર લેબોરેટરી, કૃષિ સંશોધન સંસ્થાઓ, જમીન પુનઃપ્રાપ્તિ અને મૃદા સમૃદ્ધિ માટે પૂરું પાડવામાં આવે છે. આ રીતે તેઓ શૂન્ય વેસ્ટેજ મોડલને સાકાર કરી રહ્યા છે.

### રાષ્ટ્રીય સ્તરે પહોંચ અને આર્થિક સફળતા

વિશાલ પટેલે જણાવ્યું કે, “અમે સમગ્ર ભારતમાં અમારા ઉત્પાદનો સપ્લાય કરીએ છીએ અને વાર્ષિક અંદાજે ૩૦ થી ૪૦ લાખ રૂપિયાની આવક મેળવીએ છીએ.” તેમની કંપની મશીનોનું પણ ઉત્પાદન અને વેચાણ કરે છે, જે સુરત, આનંદ, રાજકોટ, ભાવનગર સહિત રાજસ્થાન, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં પૂરું પાડવામાં આવી છે.

### સરકારી અને સંસ્થાગત સહયોગ

કંપની COIR બોર્ડ MSME સાથે નોંધાયેલ છે. તેમના ઉત્પાદનો હોર્ટિકલ્ચર, ટિશ્યૂ કલ્ચર, લેન્ડસ્કેપિંગ, આર્કિટેક્ટ્સ, નર્સરીઝ અને સરકારી પ્રોજેક્ટ્સમાં વ્યાપક રીતે ઉપયોગમાં લેવાઈ રહ્યા છે. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના વિશ્વામિત્રી પ્રોજેક્ટ હેઠળ માટીક્ષય રોકવા માટે કાથી ફાઇબર પૂરું પાડવામાં પણ તેમની મહત્વપૂર્ણ ભૂમિકા રહી છે.

### પર્યાવરણ અને સમાજ માટે પ્રેરણાદાયી મોડલ

વિશાલ પટેલની આ પહેલ માત્ર વ્યવસાય પૂરતી સીમિત નથી, પરંતુ ટકાઉ વિકાસ, પર્યાવરણ આધારિત અર્થતંત્ર અને જાગૃત જીવનશૈલી તરફ સમાજને પ્રેરિત કરે છે. તેમની યાત્રા સાબિત કરે છે કે, જ્યારે નવીનતા પર્યાવરણની જવાબદારી સાથે જોડાય છે, ત્યારે તે સમાજ અને પૃથ્વી માટે લાંબા ગાળાનો સકારાત્મક પરિવર્તન લાવી શકે છે.



### મહિલાઓને રોજગાર અને સામાજિક જવાબદારી

વિશાલ પટેલ વડોદરા નજીક સંકરડા ખાતે યુનિટ ચલાવે છે, જ્યાં ૧૬ લોકોની ટીમ કાર્યરત છે, જેમાંથી ૭થી ૮ મહિલાઓ છે. “અમે મહિલાઓને સશક્ત બનાવવા અને તેમને સ્થાયી રોજગારી આપવા માટે કાર્ય કરી રહ્યા છીએ,” એમ તેમણે જણાવ્યું. આ સાથે તેઓ યુવાનોને માર્ગદર્શન, વ્યવસાય વિસ્તરણ અને ભવિષ્યમાં સરકાર સાથે વધુ જોડાણ માટે પણ આયોજન કરી રહ્યા છે.


# “જિંદગી એ શ્વાસનો તહેવાર છે”

## વડોદરાના યુવા લેખક દેવાંશુંને રાષ્ટ્રીય એન્થોલોજી પુસ્તક માટેના લેખને પુરસ્કાર એનાયત થશે




વનને નવી દૃષ્ટિ આપતો અને રોજિંદા અનુભવોને નવો અભિગમ આ બેઉ વાતો વડોદરાના 22 વર્ષીય યુવા લેખક દેવાંશુ પટેલને તેમના પુસ્તક જિંદગી એ શ્વાસનો તહેવાર છે માટે વિશેષ ઓળખ અપાવે છે. સાથે તેણે જીવનના વિવિધ રંગો પર આધારિત વધુ રચનાઓ વાચકો સુધી પહોંચાડું. લેખન મારી માટે આત્માનો શ્વાસ છે અને આ સફર હું આગળ પણ ચાલુ રાખવા ઈચ્છા દર્શાવી હતી. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટિમાં ગુજરાતી સાહિત્ય વિભાગમાં બીએનો અભ્યાસ કરતાં વિદ્યાર્થી દેવાંશુ એ જીવનના ઉતાર ચડાવ, વિચાર મંથન અને માનવીય લગણિઓની નાજુક પળોને તેમણે શબ્દોમાં જે રીતે ઉતાર્યા છે, તે વાંચકોને પોતાની જ સફર યાદ અપાવે છે. લેખન માટેનો તેમનો વિચાર, પોતાને શોધવાની તેમની આંતરીયાત્રા અને દરેક શ્વાસને તહેવારની જેમ માણવાની તેમની દૃષ્ટિ આ પુસ્તકની મુખ્ય આત્મા છે. દેવાંશુંની સફરનો પ્રારંભ અને સિદ્ધિઓમાં તે વર્ષ 2023 માં ઓપન માઈક ઈવેન્ટ્સમાં ભાગ લેતો અને મારી સર્જેલી કવિતાઓ લોકો સુધી પહોંચાડતો. જાન્યુઆરી 2024 માં જ્યારે રામ મંદિર અયોધ્યાનું લોકાર્પણ સમારોહ હતું. ત્યારે, ‘રામ મંદિરને સ્થાપિત કરવાના સંઘર્ષથી લઈને સફળતા સુધીના સફરનો’ એક લેખ સોશિયલ મીડિયા દ્વારા પ્રથમ વખત ગુજરાતની જનતા સુધી પહોંચડેલો., ફેબ્રુઆરી 2024 માં દિલ્લીની મોટોયો- ધી ન્યુ બીગીનિંગ મેગેઝિનમાં સહ લેખક તરીકેનો પહેલો લેખ આપ્યો હતો. ત્યારબાદ ઘણું વિચારીને પ્રથમ પુસ્તક લખવાનો નિર્ણય લીધો. દોઢ વર્ષ સુધી પ્રકાશિત લેખક બનવાના સપનાઓ સાથે આ પુસ્તક પર કામ કરી દેવાંશુએ પ્રથમ પુસ્તક જિંદગી એ શ્વાસનો તહેવાર છે નું જુલાઈ 2025 માં વિમોચન કર્યું હતું. જ્યાં તેણે નાના મોટા અનુભવો દર્શાવ્યા છે. આજે આ પુસ્તક એનેઝોન, ફ્લિપકાર્ટ, ગુગલબુક અને કાઈન્ડલી- ઈબુક જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પણ જોઈ શકાય છે. દેવાંશુએ વાચકો માટે સંદેશ આપ્યો છે કે, દરેક દિવસ, દરેક પળ, દરેક શ્વાસ એક ભેટ છે. આ ભેટને પ્રેમ, કરુણા અને અને હૃદયભાવથી જીવો. ઉતાર - ચડાવ આવતા રહેશે પરંતુ જીવનને તહેવારની જેમ જ માણો, કારણકે આપણે જ આપણા ઉત્સવના સર્જક છીએ.

**યુવા લેખક દેવાંશુંને જીવનના વિવિધ રંગો પર આધારિત વધુ રચનાઓ વાચકો સુધી પહોંચાડવાની ઈચ્છા**




### મારી રચનાની પસંદગી થતાં મને સહ-લેખક તરીકે સ્થાન મળ્યું

તાજેતરમાં Where darkness meets dawns નામની રાષ્ટ્રીય સ્તરની એન્થોલોજી મેગેઝિન માટે મારું કાવ્ય લેખન મોકલ્યું હતું. આ લેખ 50 લોકોના જ પસંદ થવાના હતા. જેમાંથી મારી કવિતાની પસંદગી થતાં મને સહ-લેખક તરીકે સ્થાન મળ્યું છે. જાન્યુઆરી 2026માં આ રાષ્ટ્રીય એન્થોલોજી પુસ્તક માટેના મારા લેખને પુરસ્કાર એનાયત થવાનો છે. : દેવાંશું




### પુસ્તક લખવાની પ્રેરણા ક્યાંથી મળી ?

હંમેશા લાગતું હતું કે, જીવનમાં આપણે જેટલું જીવીએ છીએ, તેનાથી ઘણી વધારે અનુભૂતિઓને આપણે હૃદયમાં જીવતા હોઈએ છીએ. આ અનુભવોને શબ્દોમાં પાથરવાની મને પહેલાથી જ લગન હતી. જીવનમાં મળેલા લોકો, પળો, શીખ અને ક્યારેક મળતી અનોખી શાંતિ. આ બધી વાતોએ મને પુસ્તક લખવા પ્રેરણા આપી.



### લેખન સફર દરમ્યાન શું તકલીફો આવી?

મોટો પડકાર હતો એ હતો કે, વિચારોને શાંતિથી સાંભળવાનો. જીવન ઘણી વખત ઝડપથી આગળ વધે છે, પરંતુ એક લેખક તરીકે પોતાના અંદરની દુનિયા જાણવી પડે છે. અભ્યાસ, પરિવાર અને લેખન વચ્ચે સંતુલન જાળવવું મુશ્કેલ હતું, પરંતુ પુસ્તક પૂર્ણ થાય પછી તે બધુ અર્થપૂર્ણ લાગ્યું.

### આ સફરમાં ખાસ ક્ષણ



જ્યારે એક દિવસ હુએ લખેલા થોડા પાન ફરી વાંચ્યા, ત્યારે અનુભવાયુ કે પુસ્તક માત્ર શબ્દો નથી તે મારી પોતાની આંતરયાત્રા છે. એ ક્ષણે મને સમજાયું કે હું માત્ર લખી નથી રહ્યો, પરંતુ પોતાને સમજવાનો પ્રયાસ પણ કરી રહ્યો છું.

# ‘થ્રૂ માય લેન્સ આઈ’નું સ્ટ્રીટ ફોટોગ્રાફ્સનું પ્રદર્શન








## સમયને અટકાવી રાખવાની કળા એટલે...ફોટોગ્રાફી








ફોટોગ્રાફર મધુ ખૈરે

સ્ટ્રીટ ફોટોગ્રાફી એ માત્ર કેમેરાનો ક્લિક નથી, તે સમયને અટકાવી રાખવાની કળા છે. ખાસ કરીને સ્ટ્રીટ ફોટોગ્રાફી એ રસ્તાઓ પર વહેતી જીવનધારાને કાગળ પર ઉતારતી એક સશક્ત અભિવ્યક્તિ છે. એવા જ અનોખા ભાવોને રજૂ કરતું સ્ટ્રીટ ફોટોગ્રાફીનું પ્રદર્શન યોજવામાં આવ્યું છે. શહેરના જાણીતા ફોટોગ્રાફર મધુ ખૈરે એ પોતાની ‘થ્રૂ માય લેન્સ આઈ’ નામથી યોજાયેલા પ્રદર્શનમાં ફોટો થકી દર્શાવ્યું છે. શહેરના સંઘર્ષ, સંવેદનાની ઝલક ફોટોગ્રાફીમાં દર્શાવાય છે શહેરના અવાજ, ગરીબી-સમૃદ્ધિ, સંઘર્ષ અને સંવેદનાની એક ઝલક સ્ટ્રીટ ફોટોગ્રાફી માં દર્શાવવાનો પ્રયત્ન અહીં રંગો કરતાં ભાવ વધુ મહત્વના છે તેવું મધુભાઈ એ જણાવ્યું હતું સ્ટ્રીટ ફોટોગ્રાફી મારા માટે કળા નથી, તે મારી સંવેદનાનો સંવાદ છે.







# ફેકલ્ટી ઓફ ફાઈન આર્ટસના એક્ઝિબિશન હોલ ખાતે યોજાયું ફોટોગ્રાફી પ્રદર્શન









માણસ શરીરથી વૃધ્ધ થઈ શકે છે પરંતુ તેમના મનગમતું કામથી નહીં વડોદરાના ફોટોગ્રાફર પ્રકાશભાઈ દેસાઈ છેલ્લા ૩૨ વર્ષથી કુદરતના અદભુત નજારો તેમના કેમેરામાં કેદ કરેલ છે શહેરના ફેકલ્ટી ઓફ ફાઈન આર્ટસ ના એક્ઝિબિશન હોલ ખાતે ફોટોગ્રાફી પ્રદર્શન રાખવામાં આવ્યું હતું જેમાં પ્રકાશભાઈ દ્વારા ભારત, અમેરિકા, કેનેડા અને ન્યૂઝિલેન્ડના કુદરતી સૌંદર્યની તસવીરો મૂકવામાં આવી છે. પતિ-પત્નિ બંને મેઘધનુષ, પર્વતો, ઉગતો-આથમતો સૂરજ, પહાડોના પ્રતિબિંબ, વૃક્ષોની હારમાળા વગેરેના ફોટો ક્લિક કરવા માટે વહેલી સવારના ત્રણ વાગ્યે ઉઠીને નીકળી પડતા હતા. પ્રકાશભાઈએ જણાવ્યું કે, અત્યારસુધી હજારોની હજારોની સંખ્યામાં સંખ્યામાં ફોટો ફોટો ક્લિક કર્યા છે. પરંતુ તેમાંથી બેસ્ટ ફોટોગ્રાફને અહીં મૂકવામાં શ છે. અમે બંને પતિ-પત્નિ વર્ષમાં બે-ત્રણ વાર કાર લઈને ફરવા અચૂક જઈએ છીએ. ન્યૂઝીલેન્ડ ગેનેટ કોલોનીના ફોટોગ્રાફ વિશે તેમણે જણાવ્યું કે, અહીં બ્રિડીંગ કરવા માટે હજારોની સંખ્યામાં હંસના જોડા આવે છે. તે સમયનો આ ફોટો છે જેમાં ૧૨૦૦થી દરિયાકિનારે હંસના સેંકડો જોડા જોવા મળી આવ્યા છે. ચાર ચાર દેશોના અદભુત કુદરતી સૌંદર્યની ફોટોગ્રાફી કરી પ્રદર્શન ની માં મુકવામાં આવી છે.